**રે.દી.મુ. નં.૩૦/૨૦૨૪**

**–: આંક–૫ લગત હુકમ :–**

(૧) વાદીએ સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪, ૩૮ ૩૯ મુજબ તેમજ કલમ–૯ અન્વયે વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મળવા બાબતનો દાવો દાખલ કરેલ છે તે સાથે વાદી તરફે આંક–૫ ની કામ ચલાઉ મનાઈ અરજી દાખલ કરી પ્રતિવાદી વાદીની દાવાવાળી મિલ્કત ચો.મી.૫૦૨–૯૧–૪૧ ની તથા તેની દક્ષિણે આવેલ વાદીના કબજા ભોગવટાની ગોડાઉનવાળી મિલ્કતને નુકશાન કરે કરવે નહીકે વાદીના કબજા ભોગવટામાં અડચણ, અટકાયત રૂકાવટ કરે, કરાવે નહી કે કોઈપણ મશીનરી સાધનો વડે ગોડાઉનવાળી તથા રહેણાંકવાળી મિલ્કતમાં નુકશાન થાય તેવું કોઈપણ જાતનું ગેરકાયદોસર કૃત્ય કરે કરાવે નહી કે કોઈપણ મશીનરી સાધનોવડે ગોડાઉનવાળી તથા રહેણાંકવાળી મિલ્કતમાંનુકશાન થાય તેવું કોઈપણ જાતનું ગેરકાયદેસર કૃત્ય કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો પ્રતિવાદી સામે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા હાલની અરજી કરેલ છે.

(૨) પ્રતિવાદીને ધોરણસર નોટીસ સમન્સની બજવણી થતા પ્રતિવાદીએ વાદીની દાવા અરજી તથા વચગાળાની મનાઈ હુકમની અરજી સામે આંક–૯ થી સંયુકત જવાબ રજુ કરેલ છે અને વાદીની દાવા તથા મનાઈ હુકમની અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી રદૃ કરવા અરજ કરેલ છે.

(૩) પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

(૪) કામ ચલાઉ મનાઈ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું વાદી તેમનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ? | **હકાર** |
| ૨. | શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે? | **હકાર** |
| ૩. | શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં | **હકાર** |

| | | |
|---|---|---|
| | આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ? | |
| ૪. | શું હુકમ ? | **આખરી હુકમ મુજબ.** |

**–: મુદ્દા નં.૧ થી ૩ ના નિર્ણયના કારણો :–**

(૫) ઉપરોકત ત્રણેય મુદ્દાઓનો નિર્ણય કરતા પહેલા અત્રે નોંધવું જરૂરી છે કે, વાદીએ જે કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગેલ છે તે સમન્યાયી પ્રકારની દાદ છે અને તેથી વાદી હકકની રૂઈએ આ દાદ માંગી શકે નહી પરંતુ વાદીની આ દાદ મંજુર કરવી કે કેમ ? તે ગુણદોષના આધારે અદાલતની વિવેક–બુધ્ધિને આધીન છે. આ સિધ્ધાંતને લક્ષમાં લઈ હાલના મુદ્દા અન્વયે ચર્ચા કરવામાં આવે તો મુદ્દા નં.૧ અન્વયે વાદીએ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં પોતાની મિલ્કતના રેવન્યુ રેકર્ડ મુકેલા છે, તેમજ મામલતદાર કચેરી માણાવદરના મકાનોના કબજા અંગેના પ્રમાણપત્ર રજુ કરેલા છે. તેમજ આ કામે કોર્ટ કમિશ્નર ધ્વારા પચૂંનામુ કરવામાં આવેલ છે તે પંચનામામાં સ્થળ પરની સ્થિતિ તેમજ વાદીની હકીકત સમર્થન આપે છે. હાલની આ અરજી હેઠળ દાદ માંગવા માટે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોય તેવું આ અદાલતનું માનવું છે. દાવાની તકરાર ધ્યાન લેવા માં આવે તો વાદીની મિલ્કતને જે જગ્યાએ વાદી ગોડાઉન તરીકે ઉપયોગ કરે છે તેની પૂર્વ દિશા તરફે પ્રતિવાદીઓ ધ્વારા પોતાની જમીન ન હોવા છતાં બિનઅધિકૃત રીતે કબજો કરેલાનું જણાવેલ છે. જેના જવાબમાં પ્રતિવાદીએ તેઓએ જે કૃત્ય કરેલ છે તેવું કરવાનો તેમને અધિકાર છે અને તેઓ તેમની માલીકીની જગ્યામાં આ કૃત્ય કરતા હોય તેવું બતાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી, માત્ર જવાબ રજુ કરેલ છે. પ્રથમદર્શનીય કેસના મુદ્દા ઉપર આ અદતનું માનવુ છે કે, વાદીની મિલ્કતને અડીને જે મિલ્કત આવેલ છે તેની પૂર્વે દિવાલથી અડીને પ્રતિવાદી ધ્વારા જે ખાડો ખોદવામાં આવેલ છે તેથી વાદીની મિલ્કતનને નુકશાન થાય તેમ છે તેવું જણાઈ આવે છે. આમ, વાદી પ્રથમદર્શનીય કેસ તેમની તરફેણમાં હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી મુદ્દા નં.૧ હકારમાં ફરમાવવામાં આવે છે.

(૬) મુદ્દા નં.૨ અન્વયે ચર્ચા કરવામાં આવે તો પ્રતિવાદી કયા અધિકાર હેઠળ આ કૃત્ય કરે છે તે અંગેનો લેશમાત્ર પુરાવો આ કામે રજુ કરેલ નથી અને પ્રતિવાદીને આ કૃત્ય કરતા

અટકાવવામાં આવે તો પ્રતિવાદીને કયા પ્રકારની અગવડતા પડશે તે પ્રતિવાદી એ પોતાના જવાબમાં જણાવેલ નથી. વધુમાં, વાદી તરફે પોતાની મિલ્કતના પૂર્વ ભાગે લગભગ ૧૦ ફુઠ ઉંડો ખાડો પ્રતિવાદી ધ્વારા ખોદવાથી વાદીની મિલ્કત ધસી જાય તો વાદીનો વાળો ખુલ્લો થઈ જાય અને વાદીને પારાવાર અગવડતા પડે તેવી તેમની રજુઆત છે. માટે આ મુદ્દાથી પણ વાદીએ જો આ કૃત્ય ચાલુ રાખવામાં આવે તો તેમને પ્રતિવાદી કરતા વધારે અગવડતા પડે તેવી શકયતા છે. માટે અગવડ–સગવડની તુલાની દ્રષ્ટિએ જોવામાં આવે તો પ્રતિવાદીએ તેને કયા પ્રકારની અગવડ પડશે અને આ પ્રકારે કામ ચાલું રાખવાથી વાદીને કોઈ અગવડ પડશે નહીં તેવા કોઈ પ્લીડીંગ કે પુરાવા રજુ કરેલા નથી. માટે અગવડતા–સગવડતાનો મુદ્દો પણ વાદી પોતાના લાભમાં પુરવાર કરવામાં સફળ રહેલ હોય, મુદ્દા નં.૨ નો નિર્ણય હકાર ફરમાવવામાં આવે છે.

(૭) મુદ્દા નં.૩ અન્વયે જણાવવાનું કે, જો વાદીની મિલ્કતને પૂર્વ તરફ પ્રતિવાદી ના આ કૃત્યથી નુકશાન થાય અને દિવાલ ધસી પડે તો વાદીની મિલ્કતનું સ્ટ્કચરલ ડીગ્રેશન થાય. જેથી ભવિષ્યમાં વાદીને ઘણા આર્થિક નુકશાનમાં ઉતરવાની દહેશત વાદીના પ્લીડીંગ અને પુરાવા ઉપરથી ફલીત થાય છે, અને તેવા કિસ્સામાં વાદીને જે આર્થિક અને શારીરિક નુકશાન થાય, કોઈ જાનહાની થાય તો નાણાંમાં ન પુરી શકાય તેવું નુકશાન થવાની સંભાવનાઓ રહેલી છે. જયારે વિરોધ પક્ષે પ્રતિવાદીએ પોતાના આ કૃત્યથી વાદીને આવું કોઈ નુકશાન થવાનું નથી તેવા કોઈ પુરાવા કે પ્લીડીંગ આ કામે રજુ કરેલા નથી. જેથી આ મુદ્દા ઉપર નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ વાદીને થવાની સંભાવના રહેલી હોય તેવું પુરવાર કરવામાં વાદી સફળ રહેલ છે. જેથી મુદ્દા નં.૩ નો નિર્ણય હકાર ફરમાવવામાં આવે છે.

(૮) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ પોતાના પ્લીડીંગ, પુરાવા તેમજ કોર્ટ કમિશનરના નકશા અને પંચનામાથી ઉપરોકત ફરમાવેલા ત્રણેય મુદ્દા પોતાના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે પુરવાર કરેલ હોય, તેમજ અત્રેની અદાલતનું માનવું છે કે, પ્રતિવાદી વિરૂધ્ધ કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાથી પ્રતિવાદીને પ્રથમદર્શનીય કોઈ નુકશાન થાય તેમ નથી. કારણ કે, પ્રતિવાદીનું કૃત્ય કોઈ કાયદા ધ્વારા, કોઈ અધિકાર ધ્વારા બળપ્રાપ્ત નથી. પ્રતિવાદી પોતાની માલીકીની જગ્યમાં પણ જો એવું કોઈ કૃત્ય કરતા હોય કે જેનાથી બાજુની મિલ્કતને નુકશાન થાય, તો તેવા સંજોગોમાં તેવું કૃત્ય પણ અટકાવવાનો અધિકાર બાજુ વાળાને છે, અને હાથ પરના કેસમાં પ્રતિવાદી આ કૃત્ય પોતાની માલીકીની હદમાં કરતા નથી તે સ્પષ્ટ ફલીત છે. તેવા સંજોગોમાં પ્રતિવાદીના આવા કૃત્યને કારણે જો વાદીની મિલ્કતમાં કોઈ

નુકશાન થાય અને તેવી સંભાવના હોય, તો તે અટકાવવું ન્યાયોચિત જણાય છે. સબબ ઉપરોકત તમામ ચર્ચાના અંતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) વાદીની હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨) પ્રતિવાદીઈઓને હુકમ કરવામાં આવે છે કે, હાલની તારીખે થજે પરિસ્થિતી છે તે પરિસ્થીતી દાવાના આખરી નિકાલ સુધી જાળવી રાખે.

૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તારીખ : ૨૦ મી, માહે : જુન, સને ૨૦૨૫ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

માણાવદર
તા.૨૦/૦૬/૨૦૨૫

( અતીત મહેશકુમાર મહેતા )
પ્રિન્સીપાલ સીવીલ જજ
માણાવદર
જીજે ૦૧૫૨૧